


સાહેબ, પંદરમી ઓગષ્ટનું ભાષણ આપણે ઉચ્ચ અભ્યાસવાળા બિનગુજરાતી પાસે લખાવ્યું છે... એટલે થી ઇડિયટ જેવું ન થાય તે ધ્યાન રાખજો... !

# દેશવાસીઓને જલેબી ખવડાવી આઝાદ દિન મનાવતા દેશભક્ત

ગાંધીનગર, તા. ૧૩

૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન આપણો દેશ આઝાદ થયો. જેના ભાગ સ્વરૂપે છેલ્લા ૨૦ વર્ષોથી આ કાર્યક્રમ કરી રહેલા ઓમકાર પાન પેલેસ સેકટર-૨૧, ગાંધીનગરના માલિક એક રાષ્ટ્રપ્રેમ તેમજ દેશપ્રેમ તરીકે કરી છુટવાની ભાવના તેમજ દિલમાં છે. તે આપણને ઘણું જ શોભનીય બાબત છે. આ પ્રસંગે ઓમકાર પાન પાર્લર પોતાના સ્વ ખર્ચે મ્યુઝિકલ પાર્ટી બોલાવી સ્કુલના બાળકોને એકઠા કરી દેશ ભક્તિના ગીતો, ડાન્સ, મિમક્રી વગેરે કાર્યક્રમો રજૂ કરે છે. આ પ્રસંગે જાહેર જનતાને બોલાવી જલેબી ખવડાવી લોકોના દિલમાં કડવાસ દુર કરી અનેરો આનંદ અનુભવે છે.

ઓમકાર પાર્લરના માલિકે વિનંતી કરેલ છે કે, જાહેર જનતા આ કાર્યક્રમમાં પધારીને સ્વાતંત્ર્યદિનના કાર્યક્રમ સફળતા અપાવે તેમ જણાવેલ છે.

# પૂજન ડાન્સીંગ કલાસ, ગાયત્રી પરિવાર તથા લાયોનેસ કલબે સંયુકત રીતે જન્માષ્ટમી ઉજવી



ગાંધીનગર, તા. ૧૩

જન્માષ્ટમીના પર્વ નિમિતે ગાયત્રી પરિવાર પૂજન ડાન્સ કલાસીસ તથા લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર સંયુકત ઉપક્રમે ગાયત્રી મંદિર ખાતે પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા તેમના કલાકારોએ રાધાકૃષ્ણની નૃત્ય નાટિકાનો તેમજ બાળકૃષ્ણ, રાધા, રામ, શબરી, મીરા, યશોદા જેવા પાત્રો ભજવીને ભક્તિમય વાતાવરણ સર્જેલું હતું. ગાયત્રી પરિવારના ચેરમેન મનુભાઈ પટેલ, લાયોનેસ કલબના પ્રમુખ ઉષાબેન ગજ્જર તેમજ અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ નીલમબેન કામદાર તેમજ ઈન્દિરાબેન મહેતાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાન જશુબેન ઠક્કર તેમજ ઠાકોર ભાઈ ગજ્જરે કર્યું હતું.

# મહારાણા પ્રતાપ વિદ્યામંદિરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર સેક્ટર-૨૭ની મહારાણા પ્રતાપ વિદ્યામંદિરમાં વન વિભાગ અને વસાહત મહામંડળના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વન વિભાગ તરફથી શાળામાં જુદા જુદા છોડવાઓ પૂરા પાડવામાં આવ્યા હતા. વન વિભાગના અધિકારીઓ અને સેક્ટર-૨૭ વસાહત મહામંડળના પ્રમુખ જયંતિભાઈ, ઉપપ્રમુખ કે.પી. પરમાર તથા કમલેશભાઈ, પી.જે. રાઠોડ અને મહારાણા પ્રતાપ વિદ્યામંદિરના આચાર્યા માલતીબેન ભટ્ટે શિક્ષકગણ સાથે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. વિદ્યાર્થીઓ વૃક્ષોની માવજત કરે અને તેનું મહત્વ સમજે તે માટે આચાર્યાએ જરૂરી સમજૂતી અને માર્ગદર્શન આપ્યું હતું.

# ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા બાળકો માટે ચિત્ર હરિફાઈ યોજાઈ

## બે ગૃપમાં કુલ ૧૩૭ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક જોડાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય ગાંધીનગર શાખા દ્વારા શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧માં જન્માષ્ટમી નિમિત્તે બાળકો માટે રંગપૂર્ણ ચિત્ર હરિફાઈ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં નગરના ૧૩૭ બાળકોએ ગૃપ-એ અને ગૃપ-બીમાં ભાગ લઈ ઈનામ મેળવાયું હતું.

ચિત્ર હરિફાઈમાં ગૃપ-એમાં કુશાંગ શાહ પ્રથમ, ઈશીકા ગુપ્તા દ્વિતીય ક્રમે, યશ્વી શાહ તૃતીય ક્રમે અને પ્રિયાંશી પટેલ ચતુર્થ ક્રમે વિજેતા બની હતી તથા ગૃપ બી માં વૈષ્ણવ વૈદીહી પ્રથમ ક્રમે, સંકલ્પ ઝાલા દ્વિતીય ક્રમે, ખુશ્બુ પરીખ તૃતીય ક્રમે અને રીચા શાહ ચતુર્થ ક્રમે વિજેતા થઈ હતી.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ તથા બંને ગૃપમાં ૧ થી ૪ ક્રમે આવનાર બાળકોને સુમનબેન શાહ સેક્ટ-૨૨ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. ભારતીબેન દેવી, નિલેશભાઈ કલોલા તરફથી પણ પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં વૈશાલીબેન રાજન બાબરીયા અને નેહા શાહે નિર્ણાયક તરીકે સેવા બજાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ ડી.એફ. શાહ, રસિકભાઈ ગાંધી, ચંદ્રકાન્ત અડાલજા, કનુભાઈ શાહ, હર્ષદભાઈ ગાંધી, એચ.બી. શાહ, જીતેન્દ્ર ગાંધી, એમ.આર. ગાંધી તથા યોગેશ ગાંધીએ જહેમત ઉઠાવી હતી. પ્રમુખે આ કાર્યક્રમને સફળ બનાવવા નિર્ણાયકો, વૈષ્ણવ પરિવારજનો અને બાળકોનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઋજુ સાહિત્યકાર યશવંત કડીકરને શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતી સાહિત્યમાં ૪૧૦ પુસ્તકો પ્રગટ કરી વિધ-વિધ વિષય પર પોતાની કલમ ચલાવનાર જાણીના સાહિત્યકાર યશવંત કડીકરને તાજેતરમાં શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

અનેકવિધ સામયિકો, દૈનિકોમાં પ્રબુદ્ધ સાહિત્યકાર યશવંત કડીકરની ૩૦ કોલમ ચાલે છે. ભારતની બધી ભાષાઓમાં સૌથી વધુ કોલમ લખનાર લેખક તરીકે તેમને પંજાબ અને કેરાલા સરકારે સન્માનીત કર્યા છે. અત્યાર સુધીમાં ૩૨ એવોર્ડ, ચંદ્રકો, પારિતોષિક તેમને મળી ચુક્યા છે. શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં યશવંત કડીકરને તેમની કૃતિ 'સાથીને મદદ' માટે 'શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ-૨૦૧૨'થી સન્માનીત કરવામાં આવ્યા હતા. ગાંધીનગરના સારસ્વત મિત્રોએ અને સાહિત્ય પ્રેમીજનોએ શ્રી યશવંત કડીકરને તેમની આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે.

# દશગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

## વિવિધ વિદ્યાશાખાના ૮૦ વિદ્યાર્થીઓ સન્માનાયા

## પત્રકાર ધીરેન પટેલનું પણ સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૩

દશગામ લેઉવા પાટીદાર સમાજના લેઉવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમાજના અગ્રણી અને પુખરાજ હોસ્પિટલના ટ્રસ્ટી નારણભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.

જેમાં ધોરણ-૧૦,૧૨,સ્નાતક, વકીલાત, ડિપ્લોમા વગેરે વિવિધ ડિગ્રી અભ્યાસક્રમો મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી સિદ્ધિઓ મેળવનાર ૮૦ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



જેમાં ગાંધીનગર જિલ્લામાં ઉનાવાગામના યુવા કાર્યકર ધીરેન પોપટલાલ પટેલે પોસ્ટ ગ્રેજયુએટ ઈન જર્નાલિઝન (પત્રકારત્વ)માં પ્રથમ ક્રમાંકે ઉત્તીણ થતાં સન્માન કરવામાં આવ્યું છે. ધીરેનભાઈ અભ્યાસક્રમો સાથે સમાજની વિવિધ પ્રવૃતિઓમાં સક્રિય રીતે કામગીરી બજાવી રહ્યા છે. પોર ગામના વતની ગાંધીનગર નિવાસી કુશલ પટેલ જેઓ એમ.બી.બીએસ. થયેલ છે. તેમને ઈનામથી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામના નીપાબેન લાલભાઈ પટેલ એમ.બી.એ. માં પ્રથમ ક્રમે મેળવેલ હતો. તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ શંકરભાઈ પટેલ, મંત્રી લાલભાઈ પટેલ, હરિભાઈ પટેલ, કુડાસણ તેમજ એલ.એસ.પટેલે કાર્યક્રમનો સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

# નોન રીપોર્ટીંગ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રૂબરૂ બોલાવાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી પ્રવેશ કમિટી દ્વારા એમબીએ અને એમસીએની હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં નોન રીપોર્ટીંગ ૧૦૫૫ વિદ્યાર્થીઓને તા.૧૬ અને ૧૭મી ઓગસ્ટના રોજ રૂબરૂ બોલાવાયા છે. હાલ ૬૯૯૫ બેઠકો ખાલી છે. આ પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી બેઠકો જે તે કોલેજોને સોંપાશે. જીટીયુ પ્રવેશ કમિટી દ્વારા હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં હાલ એમીબીએમાં ૫૨૪૮ બેઠકો અને એમસીએમાં ૧૭૪૭ બેઠકો મળી કુલ ૬૯૯૫ બેઠકો ખાલી રહી છે. પ્રવેશ પ્રક્રિયાના રાઉન્ડ એક અને રાઉન્ડ બે માં નોન રીપોટીંગ કરનાર ૧૦૫૫ વિદ્યાર્થીઓને ફોન કરી તા-૧૬ અને ૧૭મી ઓગસ્ટના રોજ રૂબરૂ બોલાવાયા છે. જેમાં તા.૧૬મીએ રાઉન્ડ બેના અને તા-૧૭મી ઓગસ્ટે રાઉન્ડ એકના વિદ્યાર્થીઓને બોલાવામાં આવ્યા છે. પ્રવેશ કમિટી દ્વારા જણાવાયું છેકે બન્ને રાઉન્ડમાં સમાવિષ્ટ પૈકી જે વિદ્યાર્થીઓને ફી કે ડોકયુમેન્ટ જમા કરાવવાના રહી ગયા હોય તેવા તમામ પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ પણ પ્રવેશ પ્રક્રિયામાંહાજર રહીશકેછે. પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે નહીં. નોન રીપોટીંગની પ્રક્રિયાના રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો જે તે કોલેજોને જાતે ભરવા સોંપી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છેકે ગત વર્ષે એમબીએમાં ૬૦૦૦ અને એમસીએમાં ૧૩૦૦ બેઠકો મળી કુલ ૭૩૦૦ બેઠકો ખાલી રહી હતી.

# ઈજનેરી અને ફાર્મસીમાં ૬૦૦૦ની નોંધણી થઈ

અમદાવાદ, તા.૧૩

એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા ઈજનેરી અને ફાર્મસીની ખાલી રહેલી ૧૩૧૭૫ બેઠકો માટે પૂરક પરીક્ષાના અને કોમ્પ્યુટર વિષયવાળા વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન માટે આજે છેલ્લો દિવસ હતો. છેલ્લા દિવસે મોડી સાંજ સુધીમાં ૬૦૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યું છે.

આ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા ચાલુ માસના ત્રીજા સપ્તાહમાં હાથધરાશે. એસીપીસી દ્વારા બીજા રાઉન્ડ બાદ ખાલી રહેલી ઈજનેરીની ૯૮૩૩ અને ફાર્મસીની ૩૩૪૨ બેઠકો મળી કુલ ૧૩૧૭૫ બેઠકો માટે પૂરક પરીક્ષામાં પાસ પૈકી પ્રવેશ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને કોમ્પ્યુટર વિષયના વિદ્યાર્થીઓ માટે તા.૯ અને ૧૧ ના રોજ રજિસ્ટ્રેનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ૫૫૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યુ હતું. હવે આ વિદ્યાર્થીઓની મેરીટ યાદી ઓગસ્ટના ત્રીજા સપ્તાહમાં જાહેર કરાશે.

# ચૈતન્ય શાળાનું ગૌરવ

ગાંધીનગર તા. ૧૩

ઈફકો મુકામે યોજાયેલ બેડમિટંન ટુર્નામેન્ટમાં ચૈતન્ય સ્કુલના વિદ્યાર્થી કુમાર સારાંશ શર્માએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં તે રાજયકક્ષામાં પસંદ પામેલ છે. કુડાસણ મુકામે યોજાયેલ ટેબલ- ટેનીસ ટુર્નામેન્ટ થઈ હતી. જેમાં કુમાર સવાઈ ભાટી તેમજ કુમાર સારાંશ શર્માએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં રાજયકક્ષા માટે પસંદ થયેલ છે. ચૈતન્ય સ્કુલના સ્પોર્ટસ કોચ જીજ્ઞેષ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. શાળાના ઈલિઝાબેથ કોશી, આચાર્યા પ્રિતાપીલ્લાઈ અને સ્પોર્ટસ શિક્ષક જિજ્ઞેશ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## ઉઘડતે પડદે

\- ધ્વનિલ પારેખ

# 'ડીઅર ફાધર' હૃદયસ્પર્શી માણવા જેવું નાટક



પરેશ રાવલ જેવા અભિનેતા હોય, ઉત્તમ ગડા જેવા લેખક હોય અને હૃદયસ્પર્શી વિષય હોય ત્યારે 'ડીઅર ફાધર' જેવું સંવેદનશીલ નાટક જોવા મળે. નાટકના મૂળ લેખક છે વિવેક બેળે અને એનું સરસ રૂપાંતર ઉત્તમ ગડાએ કર્યું છે. સ્વરૂપ સંપટ નિર્મિત, કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત અને દિનકર જાની દિગ્દર્શિત 'ડીઅર ફાધર'ના કેન્દ્રમાં વૃદ્ધ મનુકાંત માંકડની એકલતા રહી છે. આ એકલતા એવો વિષય છે કે જેનો કોઈ વિકલ્પ નથી. સિવાય કે સ્વજનોની હૂંફ ! આ હૂંફને શોધવાનો, પામવાનો પ્રયત્ન નાટકનું મુખ્ય કથાવસ્તુ છે.

નાટકનો ઢાંચો સામાજિક રહસ્ય નાટકનો રહ્યો છે. ક્રાઈમ બ્રાંચ ઈન્સ્પેકટર અભયંકર, અજય માંકડને ત્યાં તપાસમાં આવે છે. અને એ તપાસ દરમ્યાન મનુકાંત માંકડના એના દિકરા અજય માંકડ અને વહુ અલકા માંકડ સાથેના સંબંધો સ્પષ્ટ થતાં જાય છે. અજય માંકડ ક્રિમિનલ લોયર છે અને અલકા ગણિતમાં ગોલ્ડ મેડલીસ્ટ છે અને કોલેજમાં ફુલટાઈમ નોકરી કરે છે. અલકા લગ્ન કરીને આવી પછી શરૂઆતમાં બધું જ બરાબર ચાલે છે પણ પછી સંબંધોમાં એક પછી એક ગાંઠ પડતી જાય છે. બે પેઢીઓ વચ્ચેની સમજનો પ્રશ્ન પણ અહીં છે. મનુકાંતને સંતાનોના બિનજરૂરી ખર્ચા પસંદ નથી. જ્યારે સંતાનો વર્તમાન સમયને મોજથી જીવી લેવામાં માને છે. અલકા અજય માટે વીસ હજારનો બ્લેકબૅરી ફોન ખરીદે કે ચાળીસ હજારનો ડ્રેસ ખરીદી એનાથી મનુકાંતને અકળામણ થાય છે. એની અકળામણ એકલતાએ જરા કડવા શબ્દોમાં વ્યકત કરે છે અને એ કડવાશ એટલું બધું અંતર ઉભું કરે છે તે દિકરો અલગ રહેવાનું વિચારે છે.

ઈન્સ્પેકટર અભયંકરએ તપાસ માટે આવે છે કે મનુકાંત માંકડ ચોથા માળના ફલેટની ગેલેરીમાંથી પડી ગયા એ અકસ્માત છે. આત્મહત્યા છે કે પછી હત્યા ? નાટકનો બીજો અંક આખી આ તપાસમાં રોકાયેલો છે અને પોતાની આખી તપાસ દરમ્યાન અભયંકર અજય અને અલકાને એ જાટની પ્રતીતિ કરાવે છે કે, મનુકાંત માંકડ માત્ર સંતાનોની હૂંફ ઈચ્છે છે. ઘરના લેન્ડલાઈન ફોન જેવા મનુકાંતને માત્ર સંતાનોની ઝંખના છે. પોતાની આ એકલતાએ અજાણ્યા લોકોને ફોન કરીને, વાત કરીને દૂર કરવાનો પ્રયત્ન કરે છે પણ એમાંથી નવા પ્રશ્નો ઉદ્ભવે છે, દિકરો ફોન કરવા પર પ્રતિબંધ મૂકે છે. મનુકાંતને આઘાત ત્યારે લાગે છે કે, અલકા એમની અંગત વાતોમાં માથું મારવાની સ્પષ્ટ ના પાડે છે. અજયંકર અજય-અલકાને એ વખતની એક વૃદ્ધની માનસિકતા, અસ્વસ્થતા કેવી હોય છે એ વાતનો ખ્યાલ અપાવે છે. અને અંતે અજય-અલકાને પણ એ વાત સમજાય છે કે વૃદ્ધ પિતાની એકલતા અકળામણ રૂપે, કચકચ રૂપે બહાર આવે છે. હોસ્પિટલમાંથી મનુકાંત પાછો ફરે છે અને 'ડીઅર ફાધર' વેલકમ કાર્ડ દ્વારા એનું સ્વાગત થાય છે.

નાટકનો વિષય ગંભીર અને પ્રસ્તુત છે એને હળવાશથી રજૂ કરવાનો પ્રયત્ન થયો છે. ચાર પાત્રો અને ત્રણ કલાકારોનો સમતોલ અભિનય નાટકનું જમા પાસું છે. મનુકાંત માંકડ અને અભયંકરની બેવડી ભૂમિકા પરેશ રાવલ ભજવે છે. માંકડ તરીકે ઉત્તર ગુજરાતની બોલીનો લહેકો અને અભયંકર તરીકે એક મરાઠી માણસનું ગુજરાતી બંને ભાષાના લય-લહેકા પરેશ રાવલ અદ્ભુત રીતે રજૂ કરે છે. ત્રણે કલાકારોની સંવાદ બોલવાની અદાયગી નાટકને એક ગતિ આપે છે. પણ નાટક હજી કોમ્પેકટ થઈ શકે એમ છે. બાપ-દિકરાની કે વહુ-સસરા વચ્ચેની દલીલોનો કોઈ અંત નથી. ગમે તેટલી દલીલો પછી પણ એક સમજ ન વિકસે ત્યાં સુધી કોઈ અંત નથી. સંવાદોની ટપાટપી દશ્યોનો વિસ્તાર કરે છે અને પહેલો અંક લાંબો બને છે. બીજા અંકમાં પણ અભયંકરની તપાસમાં ખાસ્સો સમય જાય છ. અને એ દરમ્યાન નાટકની ગતિ મંથર અનુભવાઈ છે.

સન્નિવેશનો પૂરો ઉપયોગ અહીં નાટકમાં થયો છે. મનુકાંતની બેસવાની ગેલેરી, ઘરમાં પ્રવેશવાનો દરવાજો, એની બાજુમાં મનુકાંતનો ઓરડો, રસોડું, ડાઈનીંગ ટેબલ, અજય-અલકાનો ઓરડો અને ડ્રોઈંગ રૂમ-બધી જગ્યાનો નાટકમાં ઉપયોગ થયો છે. સંગીતનો ઉપયોગ અહીં નહીંવત છે. ગંભીર દશ્ય વખતે ગુલાબી અને પીળા રંગની પ્રકાશ યોજના દશ્યની ધારી અસર ઉપજાવે છે. નાટકની શરૂઆતમાં ઉદ્ઘોષણા વખતે પણ વિવિધ લોમાલ્સ પ્રકાશ આયોજનની મદદથી સ્પષ્ટ થતા જાય છે. જે પાછળથી નાટક માટે મહત્વના બની રહે છે. પોતાના જ ઘરમાં પોતે વૃદ્ધાશ્રમમાં રહેતા હોય એવી અનુભૂતિ થાય ત્યારે સંવેદનશીલ વ્યક્તિ ભીતરથી હચમચી જતો હોય છે. અભયંકર અજયને કહે પણ છે, ઘરમાં 'પ્રાઈવેટ વૃદ્ધાશ્રમ' બોલી નાખવાથી દિકરા તરીકેની ફરજ પૂરી નથી થઈ જતી ! વૃદ્ધો બાળક જેવા હોય છએ અને એમને પણ હૂંફની, સ્પર્શની જરૂર રહે છે. એટલું પણ સમજાય તો પેઢીઓ વચ્ચેનો વિ-સંવાદ દૂર થાય ! - 'ડીઅર ફાધર'હળવેકથી આ વાત સમજાવે છે. '૧૦૨ નોટ આઉટ' પછી વૃદ્ધોની સમસ્યાને કેન્દ્રમાં રાખતું આ નાટક પણ માણવા જેવું છે.

# ચાલુ વર્તમાનકાળના પ્રશ્નાર્થ અને નકાર રૂપોને સમજીએ

## પ્રશ્નાર્થ રૂપો બનાવવા વાક્યની શરૂઆત to beના રૂપ એટલે કે am, is, areથી થાય અને વાક્યને છેડે (?) પ્રશ્નાર્થ ચિન્હ મૂકાય

### આવો અંગ્રેજી શીખીએ

\- ચેતના બુચ

॥ ચોથો મણકો ॥

મિત્રો, ગયા અઠવાડિયે આપણે ચાલુ વર્તમાનકાળના ઉપયોગો જોયેલા. આપણે તેના હકાર રૂપોનો અભ્યાસ પણ કરેલો. આજે આપણે ચાલુ વર્તમાનકાળના પ્રશ્નાર્થ અને નકાર રૂપોને પણ સમજીએ.

**Negative Forms** (નકારનાં રૂપો)

| | |
|---|---|
| 1. I am not writing<br>(હું લખી રહી નથી) | We are Not writing<br>(અમે લખી રહ્યા નથી) |
| 2. You are not writing<br>(તું લખી રહી નથી) | You are not writing<br>(તમે લખી રહ્યા નથી) |
| 3. He is not writing<br>(તે લખી રહ્યો નથી) | They are not writing<br>(તેઓ લખી રહ્યા નથી) |
| She is not writing<br>(તેણી લખી રહી નથી) | |
| It is not writing<br>(તે લખી રહ્યો નથી) | |

**Interrogative Forms** (પ્રશ્નાર્થનાં રૂપો)

| | |
|---|---|
| 1. Am I writing ?<br>(શું હું લખી રહ્યો છું ?) | Are we writing ?<br>(શું અમે લખી રહ્યા છીએ?) |
| 2. Are you writing ?<br>(શું તું લખી રહી છે ?) | Are you writing ?<br>(શું તમે લખી રહ્યા છો ?) |
| 1. Is he Writing ?<br>(શું તે લખી રહ્યો છે ?) | Are they writing ?<br>(શું તેઓ લખી રહ્યા છે ?) |
| 1. Is she writing ?<br>(શું તેણી લખી રહી છે ?) | |

યાદ રાખો :-

૧) આ કાળ બનાવવા માટે to + ક્રિયાપદનું ingવાળું રૂપ મૂકાય.

નાં રૂપ - am, is, are

દા.ત. to go = જવું

am + go + ing = am going

૨) નકાર રૂપો બનાવવા માટે to be પછી not મૂકાય.

am + not = am not

૩) પ્રશ્નાર્થ રૂપો બનાવવા વાક્યની શરૂઆત to beના રૂપ એટલે કે am, is, areથી થાય અને વાક્યને છેડે (?) પ્રશ્નાર્થ ચિન્હ મૂકાય.

તો મિત્રો, આવી રીતે ચાલુ વર્તમાનકાળના વાક્યો બનાવીએ.

દા.ત. ૧) નેહા અત્યારે વાર્તાની ચોપડી વાંચી રહી નથી.

Neha is not reading a stroy-book now.

૨) દેવ્યાની સંગીત સાંભળી રહી નથી.

Devyani is not listening music presently.

૩) જુઓ, પેલા છોકરાઓ દોડી રહ્યા છે.

See, those boys are running.

નોંધ : શબ્દના છેડે વ્યંજન ત્યારે બેવડાય જ્યારે તેની આગળ સ્વર (a,e,i,o,u) હોય.

જુઓ, ઉપરના વાક્યમાં run+ingમાં n બેવડાવવાથી running થાય.

આમ, આપણે ચાલુ વર્તમાનકાળના હકાર, નકાર અને પ્રશ્નાર્થ રૂપો 'to teach = શીખવવું' અને 'to do = કરવું'ના બનાવી શકાય.

### પરિચયાત્મક શબ્દો

આજે આપણે ઘરેણાને લગતા શબ્દોનો પરિચય મેળવીએ.

પોંચી Wristlet (રિસ્ટલિટ)

નથણી Nose-ring (નોઝ-રીંગ)

ઝાંઝર Anklet (એન્કલિટ)

માદળિયું Amulet (એમ્યુલિટ)

ઘૂઘરી Jingling (જિંગલીંગ)